અનુસંધાન ... પાના ત્રીજાનું

બંગાળમાં હવે...
કીર્તનીયા રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણાતા મતુઆ પટ્ટાના છે, ટુડુ આદિવાસી જંગલમહાલ વિસ્તારના છે અને પ્રમાણિક ઉત્તર બંગાળની રાજબંશી વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. બે મંત્રીઓ ઉત્તર બંગાળના છે અને ત્રણ દક્ષિણ બંગાળના છે, જે તમામ પ્રદેશો અને સમુદાયોમાં સમર્થન મજબૂત કરવાના ભાજપના પ્રયાસોને રેખાંકિત કરે છે. ખાસ વાત એ છે કે, મંત્રીઓની પ્રથમ યાદીમાં કોલકાતાનો કોઈ પ્રતિનિધિ નહોતો, જો કે આ શહેરે ઐતિહાસિક રીતે બંગાળના અનેક કદાવર નેતાઓ અને મુખ્યમંત્રીઓ આપ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સોમવારે રાજભવનમાં વધુ મંત્રીઓ શપથ લઈ શકે છે, તે જ દિવસે પ્રથમ કેબિનેટ બેઠક પણ યોજાઈ શકે છે. કાર્યક્રમ સ્થળની નજીક શહીદ થયેલા પક્ષના કાર્યકરોની યાદમાં એક કામચલાઉ સ્મારક બનાવવામાં આવ્યું હતું, જ્યાં ઘણા સમર્થકો મૌન પાળીને અંદર પ્રવેશતા હતા. વડાપ્રધાન મોદીએ X (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભાજપના કાર્યકરોનું બલિદાન પક્ષ માટે શક્તિનો સ્ત્રોત બની રહેશે, જ્યારે અમિત શાહે કહ્યું હતું કે આ સ્મારક ભાજપને બંગાળમાં શૂન્યથી શિખર સુધી લઈ જવાની લાંબી લડતને પ્રતિબિંબિત કરે છે. ભાજપે 294 સભ્યોની વિધાનસભામાં 207 બેઠકો સુરક્ષિત કરીને TMCના 15 વર્ષના શાસનનો અંત લાવ્યો અને પૂર્વ ભારતમાં તેની સૌથી મોટી ચૂંટણી સફળતા મેળવી છે.

બ્રિગેડ પરેડ...
દુર્ગાના મોટિફ્સ કંડારવામાં આવ્યા હતા. છોઉ અને આદિવાસી નૃત્યોએ વાતાવરણને વધુ ઉત્સવમય બનાવ્યું હતું.

પશ્ચિમ બંગાળ તરીકે વિકાસ થવો જોઇએ, પશ્ચિમ બાંગ્લાદેશ તરીકે નહીં

સંદેશખાલીથી આવેલા સાગર નસ્કર અને તેમના સાથીઓએ બંગાળના વિકાસની હાકલ કરતા કહ્યું, અમે શાંતિ અને વિકાસ ઈચ્છીએ છીએ. પશ્ચિમ બંગાળનો વિકાસ પશ્ચિમ બંગાળ તરીકે થવો જોઈએ, 'પશ્ચિમ બાંગ્લાદેશ' તરીકે નહીં.

મુખ્યમંત્રી ચેમ્બરમાંથી...
ઉપયોગ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા દ્વારા કરવામાં આવે તેવી શક્યતા છે. રાજ્યના એક વરિષ્ઠ અમલદારે PTIને જણાવ્યું કે, સ્થાપિત પ્રોટોકોલ મુજબ, અગાઉના મુખ્યમંત્રીના નિર્ધારિત ફર્નિચર અને સત્તાવાર ચિહ્નો હટાવી દેવામાં આવ્યા હતા. નવા વહીવટ માટે જરૂરી ફેરફારો કરવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રક્રિયા મુજબ બેનર્જીની ચેમ્બરની બહારની સત્તાવાર નેમપ્લેટ પણ હટાવી દેવામાં આવી છે અને સુવેન્દુના નામવાળી નવી નેમપ્લેટ મૂકવામાં આવી છે.

વિજય બનશે...
અખબારી યાદી મુજબ બંધારણની જોગવાઈઓ અનુસાર રાજ્યપાલ આર્લેકર દ્વારા વિજયને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલે વિજયને મંત્રીમંડળ રચવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. વધુમાં, આર્લેકરે વિજયને ૧૩ મે સુધીમાં અથવા તે પહેલાં વિશ્વાસ મત મેળવવા જણાવ્યું હતું. રાહુલ ગાંધી પણ શપથવિધિમાં હાજર રહે એવી શક્યતા છે.

૨૩૪ સભ્યોની વિધાનસભામાં ૧૦૮ બેઠકો મેળવ્યા બાદ - જે બહુમતી માટે જરૂરી આંકડાથી ૧૦ બેઠકો ઓછી હતી - TVK માટે સત્તા પર આવવાનો માર્ગ સરળ જણાતો હતો, પરંતુ ત્યારબાદ મુશ્કેલીઓ શરૂ થઈ. પાંચ ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસનું સમર્થન મેળવ્યા પછી, વિજયે બુધવારે રાજ્યપાલ સાથે મુલાકાત કરી અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો, પરંતુ તેમને કહેવાયું કે તેમને હજુ વધુ ટેકાની જરૂર છે. ત્યારબાદ અન્ય પક્ષો સાથે ચર્ચાઓ અને રાજ્યપાલ સાથે વધુ બેઠકોનો દોર ચાલ્યો, અને DMK સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડનાર CPI અને CPI(M) તેમને ટેકો આપવા સંમત થયા, જેનાથી આ સંખ્યામાં વધુ ચાર ધારાસભ્યો ઉમેરાયા. વિજય બે મતવિસ્તારોમાંથી ચૂંટાયા હોવાથી, આ ગઠબંધનનું કુલ સંખ્યાબળ ૧૧૬ ધારાસભ્યો (TVK ૧૦૭, કોંગ્રેસ ૫, લેફ્ટ ૪) હતું, જે બહુમતીના જાદુઈ આંકડાથી હજુ બે બેઠકો ઓછું હતું જે હવે ૧૨૦ પર પહોંચ્યું છે. આજે આ સફળતા પછી ટીવીકેના કાર્યકરોએ ફટાકડાઓ ફોડીને ઉજવણી કરી હતી.

ભાજપે ઝાલમુરીના...
રાજ્ય ભાજપે મધ્ય કોલકાતાના આ વિશાળ મેદાનમાં 20 ઝાલમુરીના સ્ટોલ લગાવ્યા હતા, જ્યારે કેટલાક સ્વતંત્ર વિક્રેતાઓ પણ મેદાનની આસપાસ સારો વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. સમારોહમાં હાજર રહેલા અસંખ્ય લોકો મમરા, લીલા મરચાં અને વિવિધ મસાલાઓમાંથી બનેલા આ નાસ્તાનો સ્વાદ માણવા માટે સ્ટોલ પર ઉમટી પડ્યા હતા. કોલકાતાના દક્ષિણી વિસ્તાર ટોલીગંજથી શપથ ગ્રહણ સમારોહ જોવા આવેલા મંજરી બાસુએ જણાવ્યું હતું કે, ચૂંટણીમાં અમારી શાનદાર જીતને કારણે આજે મને ઝાલમુરી વધુ ભાવિ રહી છે. ઉત્તર 24 પરગણાના બેરકપોરથી આવેલા મનીષ યાદવે હાથમાં ઝાલમુરીનું પડીકું પકડીને કહ્યું કે, ભાજપની આ ઐતિહાસિક જીતને કારણે આ નાસ્તો તીખાને બદલે મીઠો લાગી રહ્યો છે. તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભા ચૂંટણીના પ્રચારના શિખર સમયે આ મામૂલી નાસ્તો રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો હતો, જ્યારે વડાપ્રધાને 19 એપ્રિલે ઝારગ્રામમાં તેમના પ્રચાર દરમિયાન એક સામાન્ય રોડસાઇડ સ્ટોલ પર ઝાલમુરી ખાવા માટે અચાનક વિરામ લીધો હતો. ત્યારબાદ આ નાસ્તાના મુદ્દે પણ ભાજપ અને ટીએમસી વચ્ચે અનેક વિવાદ થયા હતા.

ભારતનું 'મિશન...
પરીક્ષણ શુક્રવારે ઓડિશાના એપીજે અબ્દુલ કલામ આઈલેન્ડ પરથી કરવામાં આવ્યું હતું. એમઆઈઆરવીની વિશેષતા એ છે કે, તે એ સુનિશ્ચિત કરે છે કે એક જ મિસાઈલ એકસાથે વિવિધ સ્થળોએ બહુવિધ વોરહેડ્સ (યુદ્ધશસ્ત્રો) તૈનાત કરી શકે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, એમઆઈઆરવી સાથે અદ્યતન અગ્નિ મિસાઈલનું ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવ્યું હતું, જ્યારે સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે તે 'અગ્નિ-5' મિસાઈલ હતી અને 'મિશન દિવ્યાસ્ત્ર' હેઠળ એમઆઈઆરવી ટેક્નોલોજી ચકાસવા માટે આ ટ્રાયલ લેવામાં આવી હતી. એમઆઈઆરવી સાથે અગ્નિ-5નું પ્રથમ પરીક્ષણ ગયા વર્ષે માર્ચમાં કરવામાં આવ્યું હતું.

મમતાએ ટ્વિટરનો...
શબ્દનો ઉપયોગ ટાળીને મમતાએ હવે પોતાની ઓળખ "મુખ્યમંત્રી, પશ્ચિમ બંગાળ (15મી, 16મી, 17મી વિધાનસભા)" તરીકે આપી છે. આ ઉપરાંત તેમાં તેઓ તૃણમૂલ કોંગ્રેસના સ્થાપક અધ્યક્ષ હોવાનો પણ ઉલ્લેખ છે, જે પક્ષ તેમણે 1997માં કોંગ્રેસથી અલગ થઈને બનાવ્યો હતો. મમતા દ્વારા પ્રોફાઈલ અપડેટ કરવામાં થયેલા વિલંબને કારણે સોશિયલ મીડિયા પર ઘણો વિવાદ થયો હતો. ઘણા વપરાશકર્તાઓએ એલોન મસ્ક અને X ને ટેગ કરીને તેમનો બાયો બદલવા અથવા તેમનું એકાઉન્ટ સસ્પેન્ડ કરવાની માંગ પણ કરી હતી.

મમતાનું વિપક્ષોને...
દુશ્મન ભાજપ છે." મમતાએ દાવો કર્યો હતો કે, વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજ્યભરમાં ટીએમસી કાર્યકરો અને સમર્થકો પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે. બેનર્જીએ કહ્યું, "કેટલીક જગ્યાએ ગુંડાગીરી ચાલી રહી છે, તેમના (ભાજપ) રેન્કમાં ખરાબ તત્ત્વો પ્રવેશી ગયા છે." પૂર્વ મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે, 2011માં સત્તામાં આવ્યા બાદ તેમણે કોઈની પણ સામે અત્યાચાર થવા દીધો ન હતો.

ચૂંટણીના 'ખાસ નિરીક્ષક...
સુધી પશ્ચિમ બંગાળ સરકારના મુખ્યમંત્રીના સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક જાહેર સેવાના હિતમાં કરવામાં આવી રહી છે.'' 2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ચૂંટણી પંચે ગુરુવારે ગુપ્તાને ખાસ નિરીક્ષક પદેથી દૂર કર્યા હતા. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ માટે આદર્શ આચારસંહિતા પણ ઉઠાવી લીધી હતી. આચારસંહિતા ફક્ત દક્ષિણ 24 પરગણા જિલ્લાના ફાલતા વિધાનસભા મતવિસ્તારમાં જ અમલમાં છે. ત્યાં 21 મેના રોજ ફરીથી મતદાન થશે અને 24 મેના રોજ પરિણામો જાહેર કરવામાં આવશે. ડો. ગુપ્તા પશ્ચિમ બંગાળ કેડરના 1990 બેચના નિવૃત્ત આઈએએસ અધિકારી છે.

સુવેન્દુ અધિકારી...
વિચારોથી પ્રેરાયેલ છે.ડિસેમ્બર ૨૦૨૦માં એક રેલી દરમિયાન, અધિકારીએ તેમના ભાઈઓના પરિવાર હોવા છતાં પોતે કેમ લગ્ન ન કર્યા તે પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, તેમના માટે પરિવારની વ્યાખ્યા મર્યાદિત નથી. તેમણે જણાવ્યું હતું કેઃ સુવેન્દુનો પરિવાર પાંચ, સાત કે આઠ સભ્યોનો નાનો પરિવાર નથી. સુવેન્દુનો પરિવાર તો આખો બંગાળી પરિવાર છે. અધિકારી તેમની જીવનશૈલીનો શ્રેય મિદનાપુરના પ્રખ્યાત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સામાજિક નેતાઓ, ખાસ કરીને સતીશ ચંદ્ર સામંત અને સુશીલ કુમાર ધારાને આપે છે. તેમણે નોંધ્યું હતું કે આ મહાનુભાવોએ શીખવ્યું છે કે સમાજના હિત માટે વ્યક્તિએ અંગત જીવનનું બલિદાન આપવા તૈયાર રહેવું જોઈએ. તેમના માર્ગ પર ચાલતા, તેમણે જાહેર સેવા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા માટે અપરિણીત રહેવાનો નિર્ણય કર્યો.

ગઢ તોડતા મોદી...
વખત પોતાના મુખ્યમંત્રી બનાવ્યા તેની વિગત

૨૦૧૪: હરિયાણા (મનોહર લાલ ખટ્ટર) અને મહારાષ્ટ્ર (દેવેન્દ્ર ફડણવીસ).

૨૦૧૬: આસામ (સર્વાનંદ સોનોવાલ) અને અરુણાચલ (પેમા ખાંડુ).

૨૦૧૭-૧૮: મણિપુર (એન. બિરેન સિંહ) અને ત્રિપુરા (બિપ્લબ દેબ).

૨૦૨૪: ઓડિશા (મોહન ચરણ માઝી) - ૨૪ વર્ષના બીજેડી શાસનનો અંત.

૨૦૨૬: બિહાર (સમ્રાટ ચૌધરી) અને હવે પશ્ચિમ બંગાળ.

વેચાણ અંગેની જાહેર નોટીસ
મોજે ઘમરાડ જુનો બ્લોક/સર્વે નં.૪૭૩, નવો બ્લોક/સર્વે નં.૬૧૨ વાળી ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ભરૂચ ડિસ્ટ્રીક્ટ હાંસોટ સબ ડિસ્ટ્રીક્ટ **મોજે ઘમરાડ**માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૫૮૪, જુનો બ્લોક/સર્વે નં.૪૭૩ પ્રમોલગેશન બાદ **નવો બ્લોક/ સર્વે નં.૬૧૨** જે જમીનનું સુમારે કુલ ક્ષેત્રફળ હે.આરે. ૨-૧૨-૦૯ ચો.મી. જેનો આકાર રૂા.૧૭.૦૫ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના સ્વતંત્ર માલીક **રાકેશભાઈ દેવજીભાઈ પટેલ**એ મજકુર જમીન પોતાની સ્વતંત્ર માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હક્ક-હિત, હિસ્સો, લાગ-ભાગ,દર-દાવો,મોર્ગેજ,ટાંચ,લખાણ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઆ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દર-દાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.(તા.૧૦/૦૫/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસઃ ૧, આસ્થા એવેન્યુ, હાંથીસા રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત-૩૯૪૫૪૦. મો. ૯૭૨૫૧-૪૪૭૪૩

ભાવિક ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૬૩/૨૬-૨૭	ટ્રાફિક શાખા	૦૧	૨,૦૦,૦૦,૦૦૦/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઈટ પરથી મળી રહેશે. કોઈપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૬૫/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

દક્ષિણ ગુજરાત વિજ કંપની લીમીટેડ
DGVCL
CIN U40102GJ2003SGC042909
Regd. & Corporate office : "Urja sadan", Nana Varachha Road
Kapodra Char Rasta, Surat-395006

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
કીમ ઔદ્યોગિક (સં. અને નિ.) વિભાગીય કચેરી
૨૨૦ કે.વી. પાસે શાહલોન ટેક્સટાઈલ પાર્ક સામે, કીમ માંડવી રોડ, લીંડીયાત,
તા. માંગરોળ,જી. સુરત ૩૯૪૧૧૦
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩(૧૮૦૦૨૩૩૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા બાબત.

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ૬૬/૧૧ કેવી સબસ્ટેશન/ફીડરની સમારકામની અગત્યની કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખને સમય સુધી વીજપુરવઠો મળી શકશે નહી. સમારકામને લગતી કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

ક્રમ	સબસ્ટેશનનું નામ	ફીડરનું નામ	સબડીવીઝનનું નામ	ફોલ્ટસેન્ટર નંબર	તારીખ/વાર	સમય
૦૧	૬૬ કેવી દેલાડ	૧૧ કેવી ક્રિષ્ણા-૧ & હંશ ફીડરો	સાયણ	૮૯૮૦૮૦૩૮૪૭	૧૧.૦૫.૨૦૨૬/ સોમવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૦૨	૬૬ કેવી કરંજ-૧	૧૧ કેવી તડકેશ્વર જે. જી.વાય ફીડર	મોલવાન	૬૩૫૭૩૦૨૮૫૮	૧૧.૦૫.૨૦૨૬/ સોમવાર	૦૭:૦૦ થી ૧૫:૦૦
૦૩	૬૬ કેવી સિવાન	૧૧ કેવી શિવશક્તિ ઇન્ડ. ફીડર	સાયણ	૮૯૮૦૮૦૩૮૪૭	૧૧.૦૫.૨૦૨૬/ સોમવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૦૪	૬૬ કેવી મોટા બોરસરા	૧૧ કેવી રાજમાની ઇન્ડ ફીડર	મોટા બોરસરા	૯૦૯૯૦૨૯૫૪૨	૧૧.૦૫.૨૦૨૬/ સોમવાર	૧૦:૦૦ થી ૧૪:૦૦
૦૫	૬૬ કેવી હથોડા	૧૧ કેવી નીલકંઠ, બજરંગ, વનીરાજ,જે બી કરાફ્ટ ફીડરો	મોટા બોરસરા	૯૦૯૯૦૨૯૫૪૨	૧૨.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૮:૦૦ થી ૧૪:૦૦
૦૬	૬૬ કેવી પીપોદરા-૧	૧૧ કેવી સુમીલોન ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૨.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૦૭	૬૬ કેવી પીપોદરા-૨	૧૧ કેવી આહરા ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૨.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૦૮	૬૬કેવી વેલછા	૧૧ કેવી સત્યમ ફીડર	મોટા બોરસરા	૯૦૯૯૦૨૯૫૪૨	૧૨.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૮:૦૦ થી ૧૪:૦૦
૦૯	૬૬ કેવી સીવાન	૧૧ કેવી કરેલી જે. જી.વાય. ફીડર	કીમ	૬૩૫૯૯૭૭૬૬૭	૧૨.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૧૦	૬૬ કેવી પીપોદરા-૧	૧૧ કેવી કરંજ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૩.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૧	૬૬ કેવી પીપોદરા-૧	૧૧ કેવી મનશી ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૩.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૨	૬૬ કેવી પીપોદરા-૧	૧૧ કેવી આસ્થા ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૩.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૩	૬૬ કેવી પીપોદરા	૧૧ કેવી બોલાવ જે.જી. વાય. ફીડર	કીમ	૬૩૫૯૯૭૭૬૬૭	૧૩.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૧૪	૬૬ કેવી દેલાડ	૧૧ કેવી સાયણ જે.જી. વાય ફીડર	સાયણ	૮૯૮૦૮૦૩૮૪૭	૧૩.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૧૫	૬૬ કેવી પીપોદરા-૧	૧૧ કેવી પીપોદરા ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૪.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૬	૬૬ કેવી સિવાન	૧૧ કેવી સકલાપ ઇન્ડ ફીડર	સાયણ	૮૮૮૦૮૦૩૮૪૩	૧૪.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૧૭	૬૬ કેવી કરંજ - ૧	૧૧ કેવી શુભમ ઇન્ડ ફીડર	મોલવાણ	૬૩૫૭૩૦૨૮૫૮	૧૪.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૮:૦૦ થી ૧૬:૦૦
૧૮	૬૬ કેવી પીપોદરા- ૨	૧૧ કેવી સિલ્વર ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૫.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૧૯	૬૬ કેવી પલોડ - ૧	૧૧ કેવી ગાયત્રી ઇન્ડ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૫.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦
૨૦	૬૬ કેવી મોટા બોરસરા	૧૧ કેવી સીમા ઇન્ડ ફીડર	મોટા બોરસરા	૯૦૯૯૦૨૯૫૪૨	૧૫.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૧૦:૦૦ થી ૧૮:૦૦
૨૧	૬૬ કેવી સિવાન	૧૧ કેવી ત્રિલોક ફીડર	સાયણ	૮૯૮૦૮૦૩૮૪૭	૧૫.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૨૨	૬૬ કેવી કરંજ -૨	૧૧ કેવી તમામ ફીડરો	મોલવાન	૬૩૫૭૩૦૨૮૫૮	૧૫.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૫:૦૦
૨૩	૬૬ કેવી પલોદ	૧૧ કેવી ચિન્મય ફીડર	મોટા બોરસરા	૯૦૯૯૦૨૯૫૪૨	૧૬.૦૫.૨૦૨૬/ શનિવાર	૧૦:૦૦ થી ૧૮:૦૦
૨૪	૬૬ કેવી વેલેંજા	૧૧ કેવી ગોકુલધામ ફીડર	સાયણ	૮૮૮૦૮૦૩૮૪૩	૧૬.૦૫.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૨:૦૦
૨૫	૬૬ કેવી પીપોદરા- ૨	૧૧ કેવી તિરુપતિ ફીડર	પીપોદરા	૮૯૮૦૮૦૩૮૫૭	૧૬.૦૫.૨૦૨૬/ શનિવાર	૦૯:૦૦ થી ૧૮:૦૦

કાર્યપાલક ઈજનેર, કમિ ઔદ્યોગિક વિભાગીય કચેરી

ઈ.એઇ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

-:: વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ/ચેતવણી ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **સુરત ડિસ્ટ્રીક્ટ, કતારગામ સબ ડિસ્ટ્રીક્ટના મોજે ગામ વરિયાવના બ્લોક નં. ૪૮૦,** જેનું ક્ષેત્રફળ ૦-૨૩-૭૮ હે.આરે. ચો.મી. વાળી ખેતીની જમીન બાબતે એડવોકેટશ્રી નિરવ આર. દુધવાલાએ તા. ૦૩/૦૪/૨૦૨૬ના રોજ ગુજરાતમિત્ર ન્યુઝ પેપરમાં જે વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ છપાવેલ છે, જે તદ્દન ખોટો અને રેવન્યુ રેકર્ડ વિરૂદ્ધ ગેરકાયદેસર બદઈરાદાનો છે. મજકુર ખેતીની જમીન હમારા અસીલોની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે. વારસાઈ નોંધ નં. ૩૪૮૪ તા. ૨૨/૦૫/૧૯૭૭થી (૧) ડાહીબેન રામાભાઈ કાળાની વિધવા (૨) બેનાબેન રામાભાઈ (૩) દલપતભાઈ રામાભાઈ (૪) રેવાબેન રામાભાઈ (૫) પરાગભાઈ રામાભાઈ (૬) ચંદનબેન રામાભાઈ તથા (૭) રતનજીભાઈ રામાભાઈએ તેમનો હક્ક હિત હિસ્સો લાગભાગ હમારા અસીલોના પિતા નારણભાઈ રામાભાઈ પટેલના લાભમાં જતો કરેલ. ત્યારથી મજકુર જમીનના સ્વતંત્ર માલિક કબજેદાર હમારા અસીલોના પિતા ચાલી આવેલા ત્યારબાદ હમારા અસીલોના પિતા નારણભાઈ રામાભાઈ તા. ૨૩/૦૮/૨૦૧૮ના રોજ મરણ પામતાં વારસાઈ નોંધ નં. ૧૫૯૦૮ તા. ૦૧/૧૦/૨૦૧૮થી હમારા અસીલો સ્વતંત્ર માલિક કબજેદાર થયેલા છે અને મજકુર જમીનનો તમામ વહીવટ, ખેતી હમારા અસીલોનો ચાલી આવેલ છે, જે નોંધો રેવન્યુ કોર્ટોએ કાયમ રાખેલ છે. જે સંજોગોમાં મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક હકપ ૧૦૯૫-૨૭૦૪-જ ના પ્રબંધો લાગુ પડતા ન હોવા છતાં કમુબેન તે દલપતભાઈ રામભાઈની વિધવા વિગેરેનાએ તેમના એડવોકેટ નિરવ આર. દુધવાલા મારફતે ખોટી હકીકતનો જાહેર જવાબ છપાવેલ છે. જેનાથી જાહેર જનતાએ ગેરમાર્ગે દોરાવવું નહીં કે તેઓ સાથે કોઈપણ જાતના વ્યવહારો હમારા અસીલોની માલિકી કબજાની જમીન બાબતે કરવા કરાવવા નહીં, તેવા ઈસમો સામે કાયદેસરના સિવિલ તેમજ ફોજદારી રાહે પગલાં ભરવામાં આવશે. જેની જનતાએ નોંધ લેવી. તા. ૦૯/૦૫/૨૦૨૬

પી.આર. પટેલ એડવોકેટ એન્ડ નોટરી તથા **નિધિ એસ. પટેલ** એડવોકેટ
તે રસિકભાઈ નારણભાઈ પટેલ, ગીતાબેન નારણભાઈ પટેલ, મોહનભાઈ નારણભાઈ પટેલ તથા ગુણવંતભાઈ નારણભાઈ પટેલના એડવોકેટ્સ
ઓફિસ : ૬, મંગલદાસ શોપીંગ સેન્ટર, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત. (મો.) : ૯૯૨૫૧ ૮૦૧૮૦

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સીટી સબ-ડીસ્ટ્રીક્ટ મોજે ગામ- બમરોલીના રે. સર્વે નં.૧૦૯ કે જેનો બ્લોક નં. ૩૦૫ જેનો ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફાઈનલ પ્લોટ નં. ૧૪૭/એ તથા ૧૪૭/બી વાળી બિનખેતીની જમીન કે જે ''શ્રી સાંઈ આર્શીવાદ બંગ્લોઝ'' ના નામથી ઓળખાય છે. તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૧૬/એ કે જેનું ક્ષેત્રફળઃ ૮૭.૭૯ ચો.મી. યાને ૧૦૫.૦૦ ચો.વાર વાળી મિલકત રીતુદેવી દીલીપકુમાર ડ્રોલીયાની સ્વતંત્ર, માલીકી, કબજા-ભોગવતાની ચાલી આવેલ હોવાનુ જણાવી સદરહુ મિલકત તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે.જેથી આ જાહેર નોટીસથી જણાવવાનુ કે સદરહુ મિલકતમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક-હિસ્સો તેમજ લેણું હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ,મુદ્દત વિત્યે કોઈના તેવા હક્કો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી જરૂરી લખાણો કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૧૦.૦૫.૨૦૨૬
ઓફિસ : ૩૧૪, ૩૧૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ, ત્રીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત.
મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦.
ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ્સ

-:: ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીક્ટ, મજુરા સબ ડિસ્ટ્રીક્ટ, મોજે ગામ વડોદ વિસ્તારમાં આવેલ જુના રે.સ.નં. ૯૧૨/૨, નવો રે.સ.નં. ૧૪ થી નોંધાયેલી બિનખેતીની જમીન કે જેને ટી.પી. સ્કીમ નંબર - ૬૩ (વડોદ)નો ફાઈનલ પ્લોટ નંબર - ૨૭/એ ફાળવવામાં આવેલ છે જે 'સાંઈમોહન રો-હાઉસ-૧ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ.'ના નામથી ઓળખાય છે. જેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. સી/૧૪૮ થી નોંધાયેલી ૪૪.૫૯૨ ચો.મી. ક્ષેત્રફળની મિલકત તથા તેના ઉપર ભોયંતળીયાના બાંધકામ સહિતની મિલકત જેનું બાંધકામનું ક્ષેત્રફળ ૪૪.૫૯ ચો.મી. કારપેટ એરિયા યાને ૫૩.૫૧ ચો.મી. બિલ્ટઅપ એરિયા છે તે મિલકત દિપક જગન્નાથ જાદવ, મીનાબેન જગન્નાથ તે સુરેશભાઈ મરાઠેની પત્ની અને નિર્મલાબેન જગન્નાથની માલિકીની ચાલી આવેલ છે અને તેઓ પાસેથી સદરહુ મિલકત વૈષ્ણવી હર્ષલ દોરીવાલા ખરીદવા માંગે છે અને સદરહુ મિલકત ઉપર ધી સુરત પીપલ્સ કો.ઓપરેટીવ બેંક લિ.માંથી લોન લેનાર હોય જેથી તેના ટાઈટલ રિપોર્ટની માંગણી અમો પાસે કરવામાં આવેલ છે. પરંતુ નીચે વિગતોના દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાય છે.

અનુક્રમ નંબર	વિગત
૧	ધર્મેન્દ્ર કાન્તીલાલ જરીવાલાની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર-૧૩૬૯૦, તારીખ ૨૯/૧૧/૨૦૦૫ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી
૨	જગન્નાથ ચીમનલાલ જાદવની તરફેણમાં થયેલ અસલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર-૨૫૨૯, તારીખ ૩૧/૦૧/૨૦૦૭

જેથી ઉપરોકત અસલ દસ્તાવેજો જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૫ (પાંચ)**માં નીચે સહી કરનારને કરાવવી. મુદ્દત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તા. ૧૦/૦૫/૨૦૨૬

ચૈતાલી ટી. દોરીવાલા એડવોકેટ
ઓફિસ : જરીવાલા એસોસીએટ, ૨૨૦, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ, સિંગાપુરી વાડી, રૂસ્તમપુરા, સુરત.(મો.) : ૯૨૨૭૧ ૮૯૮૯૩

ઓખા-મદુરાઈ સ્પેશિયલ ટ્રેનને ટ્રેન નંબર 19560/19559 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ તરીકે નિયમિત કરવામાં આવી છે

ટ્રેન નંબર	સ્ટેશન (ઉપડવાનું અને ગંતવ્ય)	સેવાની શરૂઆતની તારીખ	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
19560	ઓખા - તિરુપતિ (સાપ્તાહિક)	11.05.2026	સોમવાર	23:35 (સોમવાર)	23:30 (બુધવાર)
19559	તિરુપતિ - ઓખા (સાપ્તાહિક)	14.05.2026	ગુરુવાર	08:15 (ગુરુવાર)	11:50 (શનિવાર)

થોભવાના સ્ટેશનોઃ દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, ઉધના, નંદુરબાર, અમલનેર, જળગાંવ, ભુસાવળ, મલકાપુર, અકોલા, વાશિમ, હિંગોલી, બસમત, પૂર્ણા, હજુર સાહિબ નાંદેડ, બાસર, નિઝામાબાદ, કામરેડ્ડી, બોલારમ, કાચીગુડા, મહબૂબનગર, ગડવાલ, કુર્નૂલ સિટી, ધોન, તાડપત્રી, કડપા, રાજમપેટા અને રેનિગુંટા સ્ટેશનો બંને દિશામાં.

કોચ કમ્પોઝિશનઃ એસી 2 ટાયર, એસી 3 ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચ.

સ્ટોપેજ, રોકાણનો સમય અને કમ્પોઝિશન અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નંબર 19560 માટે બુકિંગઃ તારીખ 10.05.2026થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ્ડ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
DGVCL
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટસેન્ટર નં.	તારીખ / વાર	સમય
૧	૬૬ કે.વી.કોસમાડા	૧૧ કે.વી. વેડછા	સારોલી	૮૯૮૦૮૦૩૮૫૦	૧૩.૦૫.૨૬/બુધવાર	૦૭.૦૦ થી ૧૩.૦૦
૨	૬૬ કે.વી. લસકાણા	૧૧ કે.વી. સિધ્ધિ વિનાયક	લસકાણા	૮૯૮૦૦૩૧૬૬૦	૧૩.૦૫.૨૬/બુધવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૩	૬૬ કે.વી. લસકાણા	૧૧ કે.વી. ભાદા	લસકાણા	૮૯૮૦૦૩૧૬૬૦	૧૩.૦૫.૨૬/બુધવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૪	૬૬ કે.વી. પૂણા	૨૨ કે.વી. સત્યનારાયણ	પૂણા	૮૯૮૦૮૦૩૮૪૮	૧૩.૦૫.૨૬/બુધવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૫	૬૬ કે.વી. પૂણા	૨૨ કે.વી.સમ્રાટ	યોગીચોક	૮૯૮૦૮૦૩૮૫૨	૧૪.૦૫.૨૬/ગુરૂવાર	૦૭.૦૦ થી ૧૩.૦૦
૬	૬૬ કે.વી. પૂણા	૨૨ કે.વી.પ્રમુખછાયા	યોગીચોક	૮૯૮૦૮૦૩૮૫૨	૧૫.૦૫.૨૬/શુક્રવાર	૦૭.૦૦ થી ૧૩.૦૦
૭	૬૬ કે.વી. લસકાણા	૧૧ કે.વી. શીતલ	લસકાણા	૮૯૮૦૦૩૧૬૬૦	૧૫.૦૫.૨૬/શુક્રવાર	૦૯.૦૦ થી ૧૭.૦૦
૮	૬૬ કે.વી.કોસમાડા	૧૧ કે.વી. કુંભારિયા	સારોલી	૮૯૮૦૮૦૩૮૫૦	૧૬.૦૫.૨૬/ શનિવાર	૦૭.૦૦ થી ૧૩.૦૦

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ,બારડોલી સબ-ડીસ્ટ્રીક્ટના **મોજે ગામઃ નોગામા ના,બ્લોક નંબરઃ ૩૪/અ,** જેનો સર્વે.૩૫/૨, ખાતા નં.૨૧૩ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ **હે. ૦-૧૫-૨૬ આરે. ચો.મી.**યાને **૧૫૨૬ ચો.મી**, અને આકાર **રૂા.૧.૬૪ પૈસા** છે. તે જમીન ના ચાલી આવેલા માલીક **નિલેશભાઈ દોલતરાય પટેલએ** સદરહુ જમીન પોતાની સ્વપાર્જીત સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તથા જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સબબ સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ બોજો, લીયન યા કોઈપણ પ્રકારના હક, હિત,હિસ્સો,લાગભાગ કે અધિકાર અથવા કોઈપણ જાતના લખાણો, હોય અથવા તો રસ્તાના આવવા જવાના અધિકારો કે ઈઝમેન્ટના રાઈટ હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન-૭**માં નીચે જણાવેલ સરનામે અસલ દસ્તાવેજો સાથે અમારો રૂબરૂ સંપર્ક સાધવો. ત્યારબાદ સદરહુ જમીનમાં કોઈનો કોઈ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો અને અધિકાર રહેલો નથી અને હોય તો તેઓએ જતા કરેલ છે એમ માની અમારા અસીલ સદરહુ જમીન અંગે ઉપરોક્ત જમીન માલીકો સાથે વેચાણ અંગેના વ્યવહાર આગળ વધારશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

૧૮-અશોક નગર સોસાયટી, ગોકુલમ ડેરી પાસે, અઠવાલાઈન્સ, સુરત.૩૯૫૦૦૧. મો.૯૦૧૬૩ ૭૭૪૫૭

પ્રદીપ એસ. સોની
એડવોકેટ

વેચાણ કરાર રદ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ સુરત, મુળ તાલુકોઃ ચોર્યાસી, હાલ તાલુકો, અડાજણ, મોજે રાંદેર (રામનગર) પૈકી રામનગર કોલોની માં આવેલ રૂમ નંબર ૪૮૮ ની સુમારે ૧૦૯.૫૪ ચોરસ મીટર યાને ૧૩૧.૦૦ ચોરસ વાર ક્ષેત્રફળ ધરાવતી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ નં.૨૯(રાંદેર), ફાઈનલ પ્લોટ નં.૧૬-ડી વાળી મીલકત કે જે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નંબર-૧ હકક ચોકસી અધિકારી સીટી સર્વે રાંદેર, ટીકા નં.૩૪, ચાલતા નંબર ૯,૧૦,૧૧,૧૨,૧૪,૧૫ થી નોંધાયેલી અનુક્રમે ૨૧.૮૪ ચો.મી., ૩૯.૪૫ ચો.મી., ૧૬.૨૪ ચો.મી., ૧૫.૯૬ ચો.મી., ૧૨.૬૦ ચો.મી., ૧૨.૮૨ ચો.મી. મળી કુલ્લે ૧૧૮.૯૧ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનનુંના ટેનામેન્ટ નં.૧૬ડી-૧૩-૦૨૬૧-૦-૦૦૨ થી ૧૬ડી-૧૩-૦૨૬૧-૦-૦૦૫ ના ઉપરોક્ત દર્શાવેલી જમીન અમારા અસીલ ચંદ્રમોહન બાલશાસ્ત્રી શર્માનાઓની માલીકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલ છે. હમારા અસીલની સૂચના તથા ફરમાઈશ અનુસાર હાલની નોટીસ તમો અનીલકુમાર ખીમજીભાઈ ગલચરનાઓને આપીએ છીએ કે, તા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ કબ્જા વગરનું વેચાણ સાટાખત યાને વેચાણ કરારના આધારે હમારા અસીલ પાસેથી તમો અનીલકુમાર ખીમજીભાઈ ગલચરનાઓએ વેચાણથી રાખેલ. પરંતુ, સદર સાટાખત મુજબ કોઈપણ શરતોનો અમલ આજદિન સુધી તમોએ કરેલ નથી. જે સંજોગોમાં હમારા અસીલએ સદર સાટાખત યાને વેચાણ કરાર રદ કરેલ છે. જેથી સદર સાટાખતનો અંત આવેલ હોય સદર સાટાખતનાં આધારે જો કોઈપણ પ્રકારનું લખાણ તમોએ અન્યોને લખી આપેલ હોય તો તે તમામ લખાણો પણ આ જાહેર નોટીસના આધારે રદ ગણાશે. તેમજ તમોએ જે હમારા અસીલ પાસેથી સાટાખતનું લખાણ બનાવેલ તે સાટાખત પણ હમારા અસીલ આ જાહેર નોટીસથી રદ કરે છે. જેથી તેની નોંધ લેવી અને જો તેમ છતાં પણ તમો કોઈપણ પ્રકારની અન્ય કોઈ કાર્યવાહીમાં ઉતરશો તો તમોને તથા અન્યોને ફોજદારી તથા દિવાની પ્રકરણોમાં સંડોવાવુ પડશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત - શ્રીમતી મંગલા એસ.પટેલ
એડવોકેટ એન્ડ નોટરી તે ચંદ્રમોહન બાલશાસ્ત્રી શર્માના એડવોકેટ
ઓફીસ : ||ઓમ||૧૫,૧૬, કલ્પના શોપીંગ સેન્ટર પાલનપુર પાટીયા,રાંદેર રોડ,સુરત. મો.નં. ૯૮૨૫૬ ૨૪૩૬૭

ટાઈટલ કલીયર સાથે વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ : સુરત, સબ ડી. તથા **તાલુકો : (સુરતસીટી)** કતારગામના, **મોજે ગામ : કતારગામના રે.સ.નં./બ્લોક નં.૨૨૮/૧ તથા ૨૨૯** થી નોંધાયેલ જમીન, જેને ટી.પી. સ્કીમ નં.૪૯(કતારગામ) લાગુ પડતા ઓરીજીનલ પ્લોટ નં.૨૨૧ તથા ૨૨૩, **ફાયનલ પ્લોટ નં.૨૨૧ તથા ૨૨૩ પૈકી** ફાળવવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૨,૧૧૧.૦૦ ચો.મી. વાળી બિનખેતીની જમીનમાં આયોજીત **"તાપી કો.ઓ.હા.સોસાયટી લી." રહેણાંક સોસાયટી**માં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૪૪ વાળી ખુલ્લા પ્લોટ વાળી મિલકત, જેનું સુમારે ક્ષેત્રફળ ૧૧૦.૦૦ ચો.વાર યાને ૯૧.૯૭૪૩ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટ વાળી મિલકત તથા તેને લાગુ રોડ, રસ્તા અને સી.ઓ.પી.ના ફાળે પડતા હિસ્સાની ૩૯.૦૫૯૩ ચો.મી.ના વણ-વહેંચાયેલ હિસ્સા સહિત મળી કુલ્લે ૧૩૧.૦૩૩૬ ચો.મી. વાળી મિલકત, તે મિલકત મારા અસીલ મીનાબેન ભુપતભાઈ તાવેથીયા કિંમતી વેચાણ ચુકવી તેના માલીકો...**(૧) ચેતનાબેન ભાવેશભાઈ અણઘણ તથા (૨) ભાવેશભાઈ વિનુભાઈ અણઘણ** પાસેથી ખરીદી કરવા ઈચ્છે છે. સદર મિલકતનો ઉતરોતરના દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ અગાઉનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મહે.સબ-રજીસ્ટ્રાર સુરત-૪(કતારગામ)ની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૨૯૩૫, તારીખ : ૦૩/૧૧/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. તે સદર ઓરીજીનલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તેની ઓરીજીનલ રજીસ્ટ્રેશન ફીની રસીદ ગુમ થયેલ છે / ખોવાઈ ગયેલ છે. અને જો તે કોઈના કબ્જામાં હોય યા સદરહું મિલકતમાં જો કોઈ બેંક, નાણાકીય સંસ્થા યા વ્યકિતનો હરકોઈ પ્રકારનો હક્ક, હિત, સંબંધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયાના **દિન-૭** માં હમોને નીચે જણાવેલ ઠેકાણે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી, જો સદર મુદતમાં આ પ્રકારે કોઈ વાંધા યા રજૂઆત પુરાવા સહિત મળશે નહિ તો, મજકુર મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, સંબંધ, બોજો યા ચાર્જ વિગેરે નથી અને હોય તો તે ત્યજી દીધેલ છે એવું માનીને સદરહું મિલકતનાં ટાઈટલ બોજા યાને ચાર્જ રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ છે તેમ માનીને મુદત વીત્યેથી ન વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

-:: ખોવાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી રસીદ/પહોંચ ની વિગત ::-

૧. કતારગામ સબ રજી. કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૨૯૩૫, તારીખ : ૦૩/૧૧/૨૦૦૭ થી નોંધાયેલ દસ્તાવેજ.

૨. એજન દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની ઓરીજીનલ પહોંચ.

ઠે. એ/૬૦૬, છઠોમાળ, આરજેડી બીઝનેસ હબ, નગીનાવાડી-ગજેરા સર્કલ રોડ, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ મો. ૮૧૪૦૮૩૯૬૯૬

અસીલોની સુચના અને ફરમાઈશથી
વિશાલ આર. સલીયા
એડવોકેટ

મોજે ઉમરા વિસ્તારમાં મેઘના પાર્ક સોસાયટીમાં આવેલ ફલેટ નં.એ-૪/૧૦૪ વાળી મિલકતના વેચાણ તેમજ અસલ નોંધણી રસીદ(આર.આર.ની રસીદ) ગુમ થયા અંગેની જાહેર નોટિસ

મોજે ઉમરાની સીમમાં આવેલ રે.સર્વે નં. ૧૪૮ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૪ (ઉમરા-સાઉથ) ના ફાયનલ પ્લોટ નં. ૧૦૧ થી નોંધાયેલ રહેણાંક જમીનમાં આવેલ સબ-પ્લોટ નં.એ/૪ વાળી જમીન. તે બિનખેતી જમીન ઉપર બાંધવામાં આવેલ **''મેઘના પાર્ક કો.ઓ.સર્વિસ સોસાયટી લી.''** ના નામથી ઓળખાતી ઈમારતોમાં આવેલ બિલ્ડીંગ નં.એ-૪ જેમાં આવેલ ફલેટ નં. એ-૪/૧૦૪ વાળી મિલકત શ્રીમતી ભાનુબેન જિતેન્દ્રસિંહ ખરવાસીયાની સ્વતંત્ર અને સંપૂર્ણ માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અને સદરહું ફલેટવાળી મિલકત નબોજી, નકરજી, ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી તેમજ શ્રીમતી ભાનુબેન જિતેન્દ્રસિંહ ખરવાસીયાના લાભમાં થયેલ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૯૬૨, તા.૧૦/૦૩/૨૦૧૧ ની અસલ નોંધણી રસીદ (આર.આર.ની રસીદ) ગુમ થયેલ હોવાનું જણાવી કોઈ બેન્ક, ખાનગી સંસ્થા, ઈન્સ્ટિટ્યૂટ કે કોઈ ઈસમ કને ગીરો કે મોર્ગેજ મૂકી ધિરાણ મેળવેલ નથી કે કોઈ ચાર્જ ઉત્પન્ન કરેલ નથી તેમ જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. અમારા અસીલ સદરહું મિલકતનો પૂરેપૂરો અવેજ ચૂકવી પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. સબબ સદરહું મિલકત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો કબજો કે અધિકાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં લેખિતમાં જાતે જાણ કરવી તેમ કરવામાં કસૂર થયે, મુદત વીત્યે અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કશા પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ધર્મેન્દ્ર કે. માટલીવાલા તે ખરીદનારના એડવોકેટશ્રી
ઠેકાણું : એ/૧, રવિ જયોત એપાર્ટમેન્ટ, લૂર્ડસ કોન્વેન્ટ સ્કુલની સામે, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૮૯૮૦-૬૦૦૫૫

ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ બારડોલી તાલુકાના, મોજે સમથાણ ગામના નવા બ્લોક/સર્વે નં. ૨૭૦, ૨૮૫, ૨૮૬, ૨૮૭ તથા ૨૭૨ વાળી જમીનો અંગે કરવામાં આવેલ સોદાચિઠ્ઠી અને સોદો રદ કર્યા બાબતે જાહેર ખુલાસો...

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ બારડોલી તાલુકાના, **મોજે સમથાણ** ગામના **(૧) નવા બ્લોક/સર્વે નં.૨૭૦,** (જુનો સર્વે નં.૧૭૨/૧, ૧૭૪/૨), જેનો આકાર રૂા.૧૩.૫૬ પૈસા છે. જેનું ક્ષેત્રફળ ૧૧,૮૩૭ ચો.મી. છે તે વાળી જુની શરતની જમીન, **(૨) નવા બ્લોક/સર્વે નં.૨૮૫,** (જુનો સર્વે નં.૨૧૩/૧, ૨૧૪/૧), જેનો આકાર રૂા.૨૨.૮૨ પૈસા છે. જેનું ક્ષેત્રફળ ૧૧,૩૩૧ ચો.મી. છે તે વાળી જુની શરતની જમીન, **(૩) નવા બ્લોક/સર્વે નં.૨૮૬,** (જુનો સર્વે નં.૨૧૨), જેનો આકાર રૂા.૨૦.૮૭ પૈસા છે. જેનું ક્ષેત્રફળ ૯,૦૦૪ ચો.મી. છે તે વાળી જુની શરતની જમીન, **(૪) નવા બ્લોક/સર્વે નં.૨૮૭,** (જુનો સર્વે નં.૧૮૯), જેનો આકાર રૂા.૫.૭૫ પૈસા છે. જેનું ક્ષેત્રફળ ૪,૨૪૯ ચો.મી. છે તે વાળી જુની શરતની જમીન, સદરહુ તમામ જમીનો રવજીભાઈ મોરારભાઈ આહીર વિગેરે નાઓની માલિકી, કબજા ભોગવટાની ચાલી આવેલ છે તથા **(૫) નવા બ્લોક/સર્વે નં.૨૭૨,** (જુનો સર્વે નં.૧૭૧/૨, ૧૮/૪), જેનો આકાર રૂા.૧૮.૧૩ પૈસા છે. જેનું ક્ષેત્રફળ ૧૭,૮૦૬ ચો.મી. છે તે વાળી જુની શરતની જમીન, ઠાકોરભાઈ ભાણાભાઈ વિગેરે નાઓની માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. મજકુર જમીન માલિકો કનેથી સદરહુ તમામ જમીનો અમો નીચે સહી કરનાર ધર્મેશ કાંતિભાઈ પટેલ નાઓએ અગાઉ વેચાણ રાખવા નકકી કરેલ હતું અને તે અંગે તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ મજકુર માલિકો કનેથી સોદાચિઠ્ઠી અંગેનું લખાણ પણ કરવામાં આવેલ. પરંતુ, હવે અમો ધર્મેશ કાંતિભાઈ પટેલ નાઓ આ સોદો આગળ વધારવા માંગતા ન હોવાથી તમામ માલિકો જોડેની સંમતિથી સદરહુ જમીનો વેચાણ બાબતનો સોદો અમોએ રદ કરેલ છે અને તે અંગેના રદીકરણનો કરાર પણ જમીન માલિકોને કરી આપેલ છે. તેથી સદરહુ જમીનો બાબતે અમો ધર્મેશભાઈ કાંતિભાઈ પટેલ નાઓને હવે કાંઈ લાગતું વળગતું નથી કે સદરહુ જમીનોમાં અમો નીચે સહી કરનાર ધર્મેશભાઈ કાંતિભાઈ પટેલનો કોઈ હકક, અધિકાર, હિત, સંબધ રહયો નથી કે રાખેલ નથી. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી. તા.૧૦/૦૫/૨૦૨૬

મારી મારફત :
દિપક એ. પાટીલ
એડવોકેટ
ઠે. ૫૬-૫૭, એ-વિંગ, રીવર પેલેસ, બહુમાળી બિલ્ડીંગની પાસે, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.

લિ.
(ધર્મેશ કાંતિભાઈ પટેલ)